॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સહજાનંદ સંસ્કાર ધામ મહામંત્રપીઠ - ફરેણી આયોજીત

વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮

આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજની આજ્ઞાથી

# સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય આંતરરાષ્ટ્રિય મહોત્સવ

પ્રારંભ
માગશર વદિ-૯
તા. ૧૯-૧૨-૨૦૧૧
સોમવાર

પૂર્ણાહુતિ
પોષ સુદિ-૧
તા. ૨૫-૧૨-૨૦૧૧
રવિવાર

# અમૂલ્ય અવસર



મહામંત્રના ઉદ્‌ઘોષક ભગવાન શ્રીહરિ

અધ્યક્ષ : પ.પૂ.સદ્. શાસ્ત્રી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી



સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય પર્વે મહામંત્રના ઉદ્‌ઘોષક ભગવાન શ્રીહરિના ચરણારવિંદમાં કોટિ કોટિ વંદન...

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# દશાધિક દ્વિ-શતાબ્દી આંતરરાષ્ટ્રિય સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય મહામહોત્સવ ફરેણીધામ

यदपाङ्ग परिस्पन्दे विश्वमेतद् व्यवस्थितम् ।
स्वामिनारायणः श्रीमान् सोऽयं विजयतेतराम् ॥

વ્હાલા ભક્તજનો...

જય સ્વામિનારાયણ..... સહર્ષ જણાવતા આનંદ થાય છે કે શ્રીહરિએ કેવળ કૃપા કરીને મનુષ્યતનુ ધારણ કર્યું. છપૈયા, અયોધ્યા ઉપરાંત ભારતવર્ષમાં તીર્થાટન દ્વારા કૃપા વરસાવી. અને ગુજરાત, સૌરાષ્ટ્ર ઉપર તો કૃપાના બારે મેઘ ખાંગા કરી દીધા. એમાંય લોજ અને પીપલાણામાં પોતાના દિવ્ય ચરિત્રો દ્વારા દાસત્વ ભક્તિનું પોતાના જીવનમાં દર્શન કરાવીને વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પ્રવર્તાવ્યો. જેતપુરમાં સદ્. રામાનંદસ્વામીના આશીર્વાદ પ્રાપ્ત કરીને સત્સંગની ધર્મધુરા સ્વીકારી. ગોદોહન માત્ર એક સ્થાનકમાં રહેવાય. એથી વધુ રહેવાય નહીં એવી રુચિ હતી છતાં પણ ગુરુ મહારાજની આજ્ઞાથી ગુરુ મહારાજના સંબંધવાળા માટે પ્રવૃત્તિ પરાયણ થયા. આમ કૃપા વરસાદ વરસાવ્યો. આવા અનેક ધામોમાં કૃપાદર્શન પ્રત્યક્ષ કરાવ્યા. પરંતુ ફરેણીધામ ઉપર તો કાંઈક વિશિષ્ટ કૃપા વરસાવી. ત્યાં તો અમૃતનો વરસાદ વરસ્યો અને સાકરના કરા પડ્યા. કારણ કે શીતળદાસને સમાધિ કરાવવાના માધ્યમથી પોતે પોતાને ઓળખાવ્યા.

આ સંસારમાં માતા-પિતા, વડિલો, ધર્માચાર્યો, સદ્‌ગુરુઓ પોતાના સંતાનો ઉપર, પોતાના અનુયાયીઓ ઉપર, પોતાના શિષ્યો ઉપર એક યા બીજી રીતે કૃપા કરતા જ હોય છે. પરંતુ પોતે પોતાની વાત કરીને પોતાને ઓળખાવે એ કૃપા વિશિષ્ટ પ્રકારની છે. અહીંયા તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રી સહજાનંદ સ્વામીએ પોતે પોતાને ઓળખાવ્યા. કારણ કે સ્વામિનારાયણ મહામંત્રથી શીતળદાસને સમાધિ થઈ. એટલું જ નહીં શ્રીહરિએ પોતે જ શ્રીમુખે એમ કહ્યું કે અન્ય સ્વરુપો પુરુષોત્તમ નારાયણ છે એવું ચિંતવન કરવાથી અનંત સ્વરુપે ન થવાતું હોય તો હવે એમ ચિંતવન કરો કે આ સહજાનંદ સ્વામી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ હોય તો હું અનંત રુપે થાવ. પછી શ્રીહરિની આજ્ઞાથી આવું ચિંતવન કરવાથી શીતળદાસ અનંતરુપે થયા. આવી રીતે શ્રીહરિએ પોતાની સર્વોપરી સામર્થીના દર્શન કરાવ્યા. આ ચરિત્રમાં મુખ્ય મુદ્દો તો એ સમજવાનો છે કે, જેવા ફરેણીમાં શીતળદાસને દર્શન થયા એવા જ દર્શન અક્ષરધામમાં પ્રત્યક્ષ પણે થયા.

શ્રીહરિને અવતાર ધારણ કરવાનો હેતુ જીવાત્માઓના આત્યંતિક કલ્યાણ કરનારુ સ્વરુપ કયું છે અને કેવું છે તેના સાંગોપાંગ પ્રત્યક્ષ દર્શન કરાવવાનો હતો. અમે કૃપાસાધ્ય છીએ, કૃપાનિધિ છીએ. આવી સદ્‌ગુરુ રામાનંદસ્વામીના ૨૫ હજાર જેટલા અનુયાયીઓને પ્રત્યક્ષ પ્રતીતિ કરાવી. કૃપા, કૃપા, કૃપા તે અપાર કૃપા કરી. પ્રત્યુત્તર ન આપી શકાય એવી કૃપા કરી. વેદ તો ન ઈતિ ન ઈતિ કહે છે. પરંતુ આપણે મનુષ્ય લોકના માનવીઓ તો ઓહોહોહો ! ઓહોહોહો !!! એટલું જ કહી શકીએ. વિશેષમાં દીનાનાથ ભટ્ટે એમ લખ્યું છે કે, કુરુતે દીનજનસ્તતોડજલિમ્ । એટલું તો માંડ કહી શકાય.

માટે વ્હાલા ભક્તજનો !

સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય મહોત્સવ આપણો જીવનમંત્ર મહોત્સવ છે. કારણ કે સાંપ્રતકાળે અનેક પ્રકારની સમજણ્ય અને રુચિમાં આપણો સંપ્રદાય વિભક્ત અવસ્થામાં છે. છતાંય પણ સૌ કોઈ સ્વામિનારાયણ મહામંત્રનો જાપ અને ઉપાસના કરે છે. એટલે સ્વામિનારાયણ મહાપ્રભુના ઉપાસક તેમજ સ્વામિનારાયણ જાપ જપનારા સર્વ કોઈને માટે આ મહોત્સવ જીવનનો અલભ્ય લાભ છે.આ મહોત્સવના પાંચ વર્ષ અગાઉ વિવિધ પ્રકારના નિયમો ધારણ કરીને સાંપ્રદાયિક તેમજ બિનસાંપ્રદાયિક અનેક ભક્તો નિયમાધારી બન્યા છે. એટલે આ મહોત્સવની વ્યક્તિગત ઉજવણી તો છેલ્લા ચાર વર્ષથી શરુ થઈ ગઈ છે. આવા અનેક ભક્તોને શ્રીહરિની પ્રસન્નતારુપી ફળ પ્રાપ્ત થાય, એમના દિવ્ય પુરશ્ચરણરુપે આ દિવ્ય મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનો મુખ્ય હેતુ ભગવાન અને ભગવાનના ભક્તની પ્રસન્નતા સિવાય કાંઈ નથી. આ વાતનો અનુભવ મહોત્સવના દર્શન કરનારને જરુર થવાનો છે. માટે આ મહોત્સવનો લાભ તન-મન-ધનથી લઈ શકે એવા અનેક ભક્તો છે પણ માત્ર દર્શન દ્વારા લાભ લ્યો અને બીજાને લાભ લેવડાવો એટલું તો જરુર કરજ્યો. શ્રીહરિએ ૨૧ વર્ષની ઉંમરે સદ્.રામાનંદસ્વામીના ચૌદમાને દિવસે અનેક ભક્તજનોને જે અલૌકિક દર્શન આપ્યા એવા જ અલૌકિક દર્શન આ મહોત્સવમાં અનેક ભક્તોને થશે. એટલે જ સર્વે ભક્તજનો, આ મહોત્સવના દિવ્ય દર્શન કરી શકે એવી મહામંત્ર પીઠાધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણારવિંદમાં પ્રાર્થના સાથે જય સ્વામિનારાયણ

-શાસ્ત્રી બાલકૃષ્ણદાસ, કરેણીધામ

## ॥ મહામંત્રપીઠ ॥
## મહોત્સવમાં આર્થિક સેવાની વિગત

| ક્રમ | યજમાન પદ | રકમ |
|---|---|---|
| ૧. | કથાના મુખ્ય યજમાન | ૪૧,૦૦,૦૦૦ |
| ૨. | કથાના સહ યજમાન | ૨૫,૦૦,૦૦૦ |
| ૩. | યજ્ઞના મુખ્ય યજમાન (૩ દિવસ) | ૨૧,૦૦,૦૦૦ |
| ૪. | યજ્ઞના સહ યજમાન (૩ દિવસ) | ૧૧,૦૦,૦૦૦ |
| ૫. | યજ્ઞના સામાન્ય યજમાન (૩ દિવસ) | ૫,૧૦૦ |
| ૬. | મહાપૂજાના મુખ્ય યજમાન | ૧,૫૦,૦૦૦ |
| ૭. | મહાપૂજાના સહ યજમાન | ૫૧,૦૦૦ |
| ૮. | મહાપૂજાના સામાન્ય યજમાન | ૧,૧૦૦ |
| ૯. | પ્રદર્શનના મુખ્ય યજમાન | ૭,૫૧,૦૦૦ |
| ૧૦. | પ્રદર્શનના સહ યજમાન | ૫,૦૦,૦૦૦ |
| ૧૧. | પ્રદર્શનના ૧ તકતાના યજમાન | ૬૦,૦૦૦ |
| ૧૨. | સંહિતા પાઠના મુખ્ય યજમાન | ૧,૧૧,૦૦૦ |
| ૧૩. | સંહિતા પાઠના સહ યજમાન | ૫૧,૦૦૦ |
| ૧૪. | અખંડ ધૂનના મુખ્ય યજમાન | ૧,૦૦,૦૦૦ |
| ૧૫. | આચાર્ય મહારાજશ્રીના પૂજનના મુખ્ય યજમાન | ૧,૧૧,૧૧૧ |
| ૧૬. | સંત પૂજનના મુખ્ય યજમાન | ૧,૫૧,૦૦૦ |
| ૧૭. | સંત પૂજનના સહ યજમાન | ૫૧,૦૦૦ |
| ૧૮. | ભોજનદાન ૧ દિવસના યજમાન | ૫૧,૦૦૦ |
| ૧૯. | સંતોની રસોઈના મુખ્ય યજમાન | ૭૫,૦૦૦ |
| ૨૦. | સંતોની રસોઈના ૧ દિવસના યજમાન | ૧૧,૦૦૦ |
| ૨૧. | સાંખ્યયોગી બહેનોના પૂજનના મુખ્ય યજમાન | ૫૧,૦૦૦ |
| ૨૨. | સાંખ્યયોગી બહેનોના પૂજનના સહ યજમાન | ૨૫,૦૦૦ |
| ૨૩. | સાંખ્યયોગી બહેનોના રસોઈના મુખ્ય યજમાન | ૫૧,૦૦૦ |
| ૨૪. | સાંખ્યયોગી બહેનોના ૧ દિવસના રસોઈના યજમાન | ૧૧,૦૦૦ |
| ૨૫. | મહાઅન્નકૂટોત્સવના મુખ્ય યજમાન | ૨,૫૧,૦૦૦ |
| ૨૬. | મહાઅન્નકૂટોત્સવના સહ યજમાન | ૧,૫૧,૦૦૦ |
| ૨૭. | બ્રાહ્મણોને યજ્ઞોપવિતના મુખ્ય યજમાન | ૧,૨૫,૦૦૦ |
| ૨૮ | બ્રાહ્મણોને યજ્ઞોપવિતના સહ યજમાન | ૫૧,૦૦૦ |
| ૨૯ | બ્રાહ્મણોને યજ્ઞોપવિતના સામાન્ય યજમાન | ૧૫૦૦ |
| ૩૦. | ગાયોના ઘાસચારાના મુખ્ય યજમાન | ૧,૧૧,૧૧૧ |
| ૩૧. | ગાયોના ઘાસચારાના સહ યજમાન | ૫૧,૦૦૦ |
| ૩૨. | ગાયોના ઘાસચારાના સામાન્ય યજમાન | ૨,૫૦૦ |
| ૩૩. | દૂધ-દહીં, છાશના યજમાન | ૧૫,૦૦,૦૦૦ |
| ૩૪. | ફૂલહારના યજમાન | ૨,૫૧,૦૦૦ |
| ૩૫. | પત્રિકાના યજમાન | ૫,૦૦,૦૦૦ |

# ઉત્સવ એટલે શું ?

ઉત્સવ એટલે આનંદ...આનંદ...આનંદ...

આનંદ સ્વયં શ્રીહરિમાંથી પ્રાપ્ત થાય છે.

"કહે નિષ્કુળાનંદ એને સંગે ઊગે અંતરે આનંદ સુર" જેને જેટલો ભગવત્સ્વરૂપમાં દિવ્યભાવ એને એટલો જ આનંદ પ્રાપ્ત થાય છે. જે ભક્ત મનનું ધાર્યું ન કરે એટલો એને ઉત્સવ આનંદસ્વરૂપ બને છે. પ્રથમ કહ્યું ન કરે મનનું એજ હરિનો દાસ. એમ ઉત્સવાર્થી અને સેવાર્થી ભક્તોએ સર્વ ક્રિયામાં ભગવત્પ્રસન્નતાનું અનુસંધાન રાખવું. ઉત્સવનું સંપૂર્ણ ફળ શ્રીહરિની પ્રસન્નતામાં જ છે. પ્રથમ પ્રકરણના વચનામૃતમાં ઉત્સવથી જ ભગવાનની મૂર્તિની પ્રાપ્તિ લખી છે. ભગવાનની લીલા સાંભરી આવે, સત્સંગી સાંભરી આવે, બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે, તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે. અને તે જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય. દેહ મૂક્યા સમે જો દિવ્યભાવ હોય તો જ ભગવાનના ભક્ત યાદ આવે. માટે ઉત્સવાર્થીઓએ અને સેવાર્થીઓએ ભક્ત માત્રમાં દિવ્યભાવ રાખવો તો જ ઉત્સવ ભગવત્સ્વરૂપ-આનંદસ્વરૂપ બની જાશે.

– શાસ્ત્રી બાલકૃષ્ણદાસ

# સેવાનો સુવર્ણ અવસર

વ્હાલા ભક્તોજનો... આપણા અહો ભાગ્ય કે આપણા અમૂલ્ય જીવનકાળ દરમ્યાન સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય મહોત્સવ ફરેણીધામને આંગણે ધામધૂમથી ઉજવાશે એમાં આપણે સૌ ભાગ્યશાળી ભાગ લઈ શકશું માટે આપણા જેવા કોઈના ભાગ્ય નથી કારણ કે આ મહોત્સવમાં અનેક ધામોથી સદ્‌ગુરુઓ તેમજ સંતો-મહંતો અને સત્સંગીઓ પધારશે. આવી અનેકવિધ વહેતી દર્શન, સેવા સમાગમની ગંગોત્રીમાં તન-મન-ધનથી સ્નાન કરી આપણી જાતને ભાગ્યશાળી બનાવીએ અને આપણા સગા-સ્નેહીઓ-મિત્રવર્ગને અંગુલિ નિર્દેશ કરી પ્રેરણારૂપ બનાવી આ સેવા સાગરમાં સહભાગી બની સ્નાન કરવા સમજાવી આપણી પવિત્ર બુદ્ધિ શક્તિનો સદ્‌ઉપયોગ કરીએ એવી આપણી સૌની પરમ પવિત્ર ફરજ બની જાય છે.

આવા મહામહોત્સવની સેવાનો લાભ દરેકના જીવનમાં વારંવાર પ્રાપ્ત થતો નથી. પણ સારાયે જીવનકાળ દરમ્યાન આવા એક કે બે જ પ્રસંગ મળે છે. માટે આ સેવાનો અચૂક લાભ લઈ આપણા ઈષ્ટદેવ, ગુરુદેવ અને સંતોનો રાજીપો મેળવવાનો અમુલ્ય અવસર પ્રાપ્ત થયો છે. અને હર્ષભેર ઝડપી લેવામાં જ આપણા સૌનું શ્રેય અને પ્રેય સમાયેલું છે.

– મહોત્સવ આયોજન સમિતિ

## સૂચનાઓ

૧ મહોત્સવમાં લખાવેલ સેવા હમણાંથી અગર એક સાથે મોડામાં મોડી સંવત્ ૨૦૬૭ ભાદરવા શુદિ ૧૧ ગુરુવાર તા. ૮.૯.૨૦૧૧ સુધીમાં જમા કરાવી દેવી.
૨ મહોત્સવના દરેક વિભાગમાં એક કરતા વધારે યજમાન જોડાઈ શકશે.
૩ એક યજમાન એકથી વધારે વિભાગમાં ભાગ લઈ શકશે.
૪ મહામંત્ર જપયજ્ઞ પ્રારંભ તા. ૧૯.૧૨.૨૦૧૧ના બપોર પછી થશે.
મહામંત્ર જપયજ્ઞ પૂર્ણાહુતિ તા. ૨૧.૧૨.૨૦૧૧ના બપોરે ૧૨:૦૦ કલાકે થશે.
૫ મહાપૂજાનો લાભ તા. ૨૨.૧૨.૨૦૧૧ના રોજ એક દિવસ માટે મળશે.
૬ મહામંત્ર જપયજ્ઞમાં બેસવા માટે જેનું દેહશુદ્ધિ પ્રાયશ્ચિત થયું હોય એ જ દંપતિ પ્રારંભથી પૂર્ણાહુતિ સુધી યજ્ઞમાં બેસી શકશે.
૭ મંત્રલેખનના નિયમ લેનારા ભક્તોએ મંત્રલેખનની બુકો વહેલાસર પૂરી કરી સંસ્થાના સરનામે પોસ્ટ દ્વારા, કુરિયર દ્વારા કે રૂબરૂ સંવત્ ૨૦૧૧ના સપ્ટેમ્બર માસ સુધીમાં પહોંચતી કરવી અથવા તો આપ જ્યારે મહોત્સવમાં પધારો ત્યારે અવશ્ય સાથે લેતી આવવી.
૮ આ સંસ્થાને આપેલ દાન ઈન્કમટેક્ષ 80 G (5) હેઠળ કર મુક્ત છે. જેની દરેક ભક્તોને જાણ કરવામાં આવે છે.
૯ સ્વામિનારાયણ મહામંત્ર મહા મહોત્સવમાં આર્થિક સહયોગ આપવા ઈચ્છતા દરેક ભાવિક ભક્તોને જણાવવાનું કે **મહામંત્ર મહોત્સવ ફરેણીધામ** નામનો ચેક અથવા ડ્રાફ્ટ દ્વારા પોતાની સેવા મોકલી શકશે.

### મહોત્સવમાં આર્થિક સેવા મોકલવા માટેની માહિતી

| | |
|---|---|
| ખાતાનું નામ | મહામંત્ર મહોત્સવ ફરેણીધામ |
| બેંકનું નામ | બેંક ઓફ ઈન્ડિયા ધોરાજી બ્રાન્ચ, ધોરાજી |
| ખાતા નંબર | 312810110000292 |
| બેંકનું નામ | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ધોરાજી બ્રાન્ચ, ધોરાજી |
| ખાતા નંબર | 56072004982 |
| સંસ્થાનું નામ | શ્રી સહજાનંદ સંસ્કાર ધામ મહામંત્રપીઠ |
| સરનામું | મું. ફરેણી-૩૬૦૩૭૦. તા. ધોરાજી, જિ. રાજકોટ (ગુજરાત)<br>Phone : + 91 2824 283383 / 283108<br>Mobile : + 91 96625 17625 / 98252 20625<br>E-mail : mantrapith_fareni@yahoo.co.in<br>www.farenidham.org |

## મહોત્સવના આયોજનો

૧ સપ્તાહ પારાયણ
૨ ૨૧૦ કલાક અખંડધૂન
૩ યજ્ઞનો પ્રારંભ : સંવત્ ૨૦૬૮ માગશર વદિ-૯
તા. ૧૯.૧૨.૨૦૧૧ સોમવાર
૪ યજ્ઞની પૂર્ણાહુતિ : સંવત્ ૨૦૬૮ માગશર વદિ-૧૧
તા. ૨૧.૧૨.૨૦૧૧ બુધવાર
૫ આચાર્ય મહારાજશ્રીનું આગમન : સં.૨૦૬૮ માગશર વદિ-૧૦
તા. ૨૦.૧૨.૨૦૧૧ મંગળવાર
૬ મહાઅભિષેક : સંવત્ ૨૦૬૮ માગશર વદિ-૧૧
તા. ૨૧.૧૨.૨૦૧૧ બુધવાર સવારે ૭:૦૦ થી ૯:૦૦
૭ મહાઅન્નકૂટ આરતિ : સંવત્ ૨૦૬૮ માગશર વદિ-૧૧
તા. ૨૧.૧૨.૨૦૧૧ બુધવાર બપોરે ૧૨:૦૦ કલાકે
૮ સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય પર્વનો વિશિષ્ટ ઉત્સવ :
સંવત્ ૨૦૬૮ માગશર વદિ-૧૧ તા. ૨૧.૧૨.૨૦૧૧ બુધવાર
સાંજે ૫:૦૦ કલાક થી ૭:૦૦ કલાક સુધી
૯ દિવ્ય મહાપૂજા : સંવત્ ૨૦૬૮ માગશર વદિ-૧૨
તા. ૨૨.૧૨.૨૦૧૧ ગુરુવાર
સવારે ૭:૦૦ કલાક થી સાંજે ૭:૦૦ કલાક સુધી
૧૦ આચાર્ય મહારાજશ્રીનું પૂજન
૧૧ વિદ્વાન સંતોની વ્યાખ્યાનમાળા
૧૨ સંહિતાપારાયણ
૧૩ સદ્‌ગુરુશ્રીઓનું પૂજન
૧૪ બ્રહ્મભોજન
૧૫ બ્રહ્મ બટુકોને યજ્ઞોપવિત
૧૬ મેડીકલ કેમ્પ
૧૭ ગૌસેવા - ગૌપૂજન
૧૮ બાલ - યુવામંચ
૧૯ મહિલા મંચ
૨૦ સાંસ્કૃતિક કાર્યક્રમ
૨૧ પ્રદર્શન
૨૨ અવભૃથ સ્નાન અને મંત્રવિસર્જન

॥ મહામંત્રપીઠ ॥

# સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય મહામહોત્સવમાં સીધા સામગ્રીની સેવા

| ક્રમ | વસ્તુ | વજન | રકમ |
|---|---|---|---|
| ૧ | ઘી | ૪૦૦ ડબ્બા | ૧૬,૦૦,૦૦૦ |
| ૨ | તેલ | ૧૦૦૦ ડબ્બા | ૧૧,૦૦,૦૦૦ |
| ૩ | ખાંડ | ૨૫૦ ગુણી | ૭,૫૦,૦૦૦ |
| ૪ | ગોળ | ૧૦૦ ડબ્બા | ૧,૨૦,૦૦૦ |
| ૫ | તુવેરદાળ | ૨૦૦મણ | ૨,૪૦,૦૦૦ |
| ૬ | ચોખા ખીચડીયા | ૧૫૦ મણ | ૫૨,૫૦૦ |
| ૭ | ચોખા ભાતીયા | ૪૦૦ મણ | ૨,૦૦,૦૦૦ |
| ૮ | મગ ફાડા | ૧૫૦ મણ | ૨,૩૨,૫૦૦ |
| ૯ | મગ | ૨૦ મણ | ૩૦,૦૦૦ |
| ૧૦ | વટાણા | ૨૦ મણ | ૧૦,૦૦૦ |
| ૧૧ | છોલે ચણા | ૧૦ મણ | ૧૦,૦૦૦ |
| ૧૨ | બેસન કરકરો | ૨૦૦ મણ | ૧,૨૦,૦૦૦ |
| ૧૩ | બેસન | ૨૦૦ મણ | ૧,૨૫,૦૦૦ |
| ૧૪ | ઘઉંનો લોટ જાડો | ૨૦૦ મણ | ૬૦,૦૦૦ |
| ૧૫ | ઘઉંનો લોટ ઝીણો | ૬૦૦ મણ | ૧,૮૦,૦૦૦ |
| ૧૬ | અડદનો લોટ | ૫૦ મણ | ૬૦,૦૦૦ |
| ૧૭ | રવો | ૫૦ મણ | ૧૭,૫૦૦ |
| ૧૮ | મેંદો | ૫૦ મણ | ૧૬,૫૦૦ |
| ૧૯ | ફાડા લાપસી | ૨૦ મણ | ૮૦૦૦ |
| ૨૦ | રાજગરાનો લોટ | ૮૦ મણ | ૭૨,૦૦૦ |
| ૨૧ | સાંબો | ૧૨૫ મણ | ૧,૨૫,૦૦૦ |
| ૨૨ | બટાકા વેફર્સ | ૫૦ મણ | ૬૫,૦૦૦ |
| ૨૩ | બટાકાની કાતરી | ૫૦ મણ | ૬૫,૦૦૦ |
| ૨૪ | સીંગદાણા | ૧૦૦ મણ | ૧,૦૦,૦૦૦ |
| ૨૫ | તલ | ૫ મણ | ૭,૦૦૦ |
| ૨૬ | વરીયાળી | ૫ મણ | ૧૧,૫૦૦ |
| ૨૭ | તપકીર | ૫ મણ | ૨,૫૦૦ |
| ૨૮ | કોપરું જાડું | ૧૦ મણ | ૧૨,૦૦૦ |
| ૨૯ | કોપરું ઝીણું | ૧૦ મણ | ૧૨,૦૦૦ |
| ૩૦ | પૌંઆ ચોખાના | ૧૦ મણ | ૬,૦૦૦ |
| ૩૧ | પૌંઆ મકાઈના | ૫ મણ | ૨,૫૦૦ |
| ૩૨ | મમરા | ૫ મણ | ૨,૫૦૦ |
| ૩૩ | ગુંદ કણી | ૩ મણ | ૯,૮૦૦ |
| ૩૪ | નિરમા પાવડર | ૫૦ મણ | ૨૦,૦૦૦ |

॥ મહામંત્રપીઠ ॥

## સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય મહામહોત્સવમાં

# મસાલા - વિભાગની સેવા

| ક્રમ | વસ્તુ | વજન | રકમ |
|---|---|---|---|
| ૧ | તજ | ૨ મણ | ૪,૦૦૦ |
| ૨ | લવીંગ | ૨ મણ | ૧૨,૦૦૦ |
| ૩ | એલચી | ૧ મણ | ૧૨,૦૦૦ |
| ૪ | તીખા(મરી) | ૧ મણ | ૩,૪૦૦ |
| ૫ | સંચળ પાવડર | ૧ મણ | ૪૦૦ |
| ૬ | તમાલપત્ર | ૩ મણ | ૩,૦૦૦ |
| ૭ | સૂંઠ પાવડર | ૧ મણ | ૨,૪૦૦ |
| ૮ | ચટણી(મરચું) | ૨૦ મણ | ૪૦,૦૦૦ |
| ૯ | ગરમ મસાલો | ૫ મણ | ૧૫,૦૦૦ |
| ૧૦ | રાય | ૧૫ મણ | ૯,૦૦૦ |
| ૧૧ | મેથી | ૫ મણ | ૫,૫૦૦ |
| ૧૨ | હળદર | ૧૫ મણ | ૫૨,૫૦૦ |
| ૧૩ | ધાણાજીરુ | ૧૫ મણ | ૨૭,૦૦૦ |
| ૧૪ | જીરુ આખું | ૧૦ મણ | ૨૧,૦૦૦ |
| ૧૫ | સુકા મરચા | ૭ મણ | ૯,૮૦૦ |
| ૧૬ | સાજીફૂલ | ૨ મણ | ૧,૨૦૦ |
| ૧૭ | ટાટાસોડા | ૩ મણ | ૧,૫૦૦ |
| ૧૮ | અજમા | ૩ મણ | ૯,૦૦૦ |
| ૧૯ | આંબલી | ૩૦ મણ | ૨૪,૦૦૦ |
| ૨૦ | નિમક | ૫૦ મણ | ૫,૦૦૦ |

## સુકા મેવાની સેવા

| ક્રમ | વસ્તુ | વજન | રકમ |
|---|---|---|---|
| ૧ | બદામ | ૫ મણ | ૪૦,૦૦૦ |
| ૨ | કાજુ કટકા | ૨૦ ડબ્બા | ૫૦,૦૦૦ |
| ૩ | કીસમીસ | ૨૦ મણ | ૫૦,૦૦૦ |
| ૪ | ચારોલી | ૫ મણ | ૩૬,૦૦૦ |
| ૫ | પીસ્તા | ૨ મણ | ૩૨,૦૦૦ |
| ૬ | જાયફળ | ૧ મણ | ૭,૦૦૦ |
| ૭ | કેસર | ૨૫ ડબ્બી | ૨,૫૦૦ |
| ૮ | સાકર | ૧૫૦ મણ | ૧૨,૦૦૦ |
| ૯ | ખસખસ | ૫૦ કિલો | ૨૨,૫૦૦ |



પ.પૂ.ધ.ધુ. આદિ આચાર્ય
શ્રી રઘુવીરપ્રસાદજી મહારાજ



સર્વોપરી ઉપાસનાના ઉદ્‌ઘોષક
સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામી



સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરતા
આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ



વચનામૃતના મર્મજ્ઞ, બ્રહ્મવિદ્યાવારિધિ
પ.પૂ. સદ્. શ્રી જોગીસ્વામી



મહામંત્ર મહોત્સવના અધ્યક્ષશ્રી
સદ્. શા. શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી




"સુણી બોલ્યા સુંદર શ્યામ, રટો સ્વામિનારાયણ નામ. લાગ્યા નામ તે રટવાને જ્યારે, થઈ તેને સમાધિ તે વારે."